૨૨૧૬
5 DEC 2014

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
હેઠળના વિકસતી જાતિ કલ્યાણ ખાતા
હસ્તકના નિગમોની સીધા ધિરાણની યોજના
હેઠળ લાભાર્થીઓની પસંદગી માટેની
સમિતિની પુનઃ રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૭/૫૦/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 2 DEC 2014

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૫/૩/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૭/૫૦/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૧/૬/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૭/૫૦/અ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૦૭/૦૮/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૭/૫૦/અ.૧

<u>ઠ રા વઃ-</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોની સીધા ધિરાણની યોજના હેઠળના લાભાર્થીઓ માટેની સમિતિની રચના અને કાર્યપધ્ધતિ વંચાણ હેઠળના ક્રમાંકઃ(૧) પરના વિભાગના તા.૨૫/૩/૨૦૦૮, ક્રમાંક- (૨) પરના તા.૧૧-૦૬-૨૦૧૨ તથા ક્રમાંકઃ (૩) પરના વિભાગના તા.૦૭-૦૮-૨૦૧૨ના ઠરાવોથી નિયત કરવામાં આવેલ છે. ઉકત ઠરાવોથી વખતો વખત સુધારો કરી લાભાર્થી પસંદગી સમિતિની રચના વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમો માટે કરવામાં આવેલ હતી.

ઉકત પસંદગી સમિતિમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉકત ઠરાવોથી કરેલ સમિતિની પુનઃ રચના કરી, રૂ. ૧. ૦૦ લાખ ( અંકે રૂ. એક લાખ) સુધીના ધિરાણ માટે સમિતિ તથા રૂ. ૧. ૦૦ લાખ( અંકે રૂ. એક લાખ) થી વધારે રકમના સીધા ધિરાણ માટેની લાભાર્થીઓની પસંદગી કરવા માટે નીચે પ્રમાણેની સમિતિની આથી રચના કરવામાં આવે છે.

**રૂ. ૧.૦૦ લાખ સુધીના સીધા ધિરાણ માટેની સમિતિ નીચે મુજબ રહેશે.**

| ક્રમ | અધિકારીનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧. | નિગમના અધ્યક્ષશ્રી, | સમિતિના અધ્યક્ષ |
| ૨. | નિગમના ઉપાધ્યક્ષશ્રી, | સભ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૩. | નિગમના સર્વે બીન સરકારી સભ્યશ્રીઓ | સભ્યશ્રી |
| ૪. | નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રી | કન્વીનર |
| ૫. | નિગમના અન્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬. | સંયુકત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી, (વિકસતી જાતિ) | સભ્યશ્રી |
| ૭. | નાણા સલાહકારશ્રી, સા.ન્યા. અને અધિ.વિ. | સભ્યશ્રી |
| ૮.. | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ | સભ્યશ્રી |

રૂ. ૧.૦૦ લાખથી વધારે રકમના સીધા ધિરાણ માટેની સમિતિ નીચે મુજબ રહેશે.

| ક્રમ | અધિકારીનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧. | નિગમના અધ્યક્ષશ્રી, | સમિતિના અધ્યક્ષ |
| ૨. | નિગમના ઉપાધ્યક્ષશ્રી, | સભ્યશ્રી |
| ૩. | નિગમના સર્વે બીન સરકારી સભ્યશ્રીઓ | સભ્યશ્રી |
| ૪. | નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રી | કન્વીનર |
| ૫. | નિગમના અન્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬. | સંયુકત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી, (વિકસતી જાતિ) | સભ્યશ્રી |
| ૭. | નાણા સલાહકારશ્રી(સા.ન્યા. અને અધિ.વિ.) | સભ્યશ્રી |
| ૮. | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ | સભ્યશ્રી |

ઠરાવની અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૨૪/૧૧/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. વી. દેસાઇ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

<u>નકલ રવાના:-</u>

- માન મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner